ક્રાંતિગુરૂ શ્યામજી કૃષ્ણ વર્મા
કચ્છ યુનિવર્સિટી
મુન્દ્રા રોડ, ભૂજ-કચ્છ. ૩૭૦ ૦૦૧. ફોન નં.(૦૨૮૩૨)૨૩૫૦૦૧, ૨૯૩૯૧૧
ફેકસ નં. (૦૨૮૩૨) ૨૩૫૦૧૧
ઈમેઈલ-info@kskvkachchhuniversity.org વેબ-kskvkachchhuniversity.org

રેફ.,નં. ક.યુ./EC-Minuts 23th April'16/111 Date: 29-04-2016

પ્રતિ,
તમામ એક્ઝિક્યુટીવ કાઉન્સીલના સભ્યશ્રીઓ,
કે.એસ.કે.વી. કચ્છ યુનિવર્સિટી,
ભુજ-કચ્છ.

વિષય : ગત તારીખ 23/04/2016 રોજની એક્ઝિક્યુટીવ કાઉંન્સીલની યોજાયેલ બેઠકની મિનિટસની નોંધ મોકલવા બાબત

શ્રીમાન,

જય ભારત સાથ જણાવવાનું કે ઉપરોક્ત વિષયે જણાવવાનું કે, માનનીય કુલપતિશ્રીનાં અધ્યક્ષ સ્થાને તારીખ 23/04/2016ના રોજ યુનિવર્સિટી કાર્યાલય ખાતે મળેલ એક્ઝિક્યુટીવ કાઉંન્સીલની બેઠકની મિનિટસ નોંધ આ સાથે સામેલ રાખી મોકલી આપવામાં આવે છે, જે ધ્યાને લેવા વિનંતી

આભાર સહ......

આપનો વિશ્વાસુ

કુલસચિવ (ઇ.ચા)
ઈ/ચા કુલસચિવ
કે.એસ.કે.વી. કચ્છ યુનિવર્સિટી
ભુજ-કચ્છ.

બિડાણ : એક્ઝિક્યુટીવ કાઉંન્સીલની યોજાયેલ બેઠકની મિનિટસની નોંધ
નકલ સવિનય રવાના : માનનીય કુલપતિશ્રીના કાર્યાલય તરફ

## તા.૨૩ મી એપ્રિલ–૨૦૧૬ના રોજ સાંજના ૦૪:૦૦ કલાકે યુનિવર્સિટી કાર્યાલય ખાતે મળેલ એક્ઝિક્યુટીવ કાઉન્સિલના સભ્યશ્રીઓની મિનિટ્સ નોંધ

Shri Krishna Verma Kutchh

આજ રોજ તા.૨૩મી એપ્રિલ–૨૦૧૬ને શનિવારના સાંજના ૪:૦૦ કલાકે યુનિવર્સિટી કાર્યાલય ખાતે એક્ઝિક્યુટીવ કાઉન્સિલની સભા માનનીય કુલપતિશ્રીના અધ્યક્ષ સ્થાને યોજાયેલ, આ સભામાં નીચે મુજબના સભ્યશ્રીઓ હાજર રહેલ હતા. અધ્યક્ષશ્રી દ્વારા સૌ સભ્યશ્રીઓના આવકાર સાથે આગળની કાર્યવાહિની શરૂઆત કરવામાં આવી.

| સભ્યશ્રીનું નામ | હોદો | હાજર / ગેરહાજર |
|---|---|---|
| ડૉ. સી.બી. જાડેજા<br>માનનીય કુલપતિશ્રી, કે.એસ.કે.વી. કચ્છ યુનિવર્સિટી, ભૂજ. | અધ્યક્ષશ્રી | હાજર |
| ડાયરેકટર ઓફ હાયર એજ્યુકેશન,<br>ગુજરાત રાજ્ય, ગાંધીનગર | સભ્યશ્રી | ગેરહાજર |
| ડાયરેકટર ઓફ ટેકનિકલ એજ્યુકેશન<br>ગુજરાત રાજ્ય, ગાંધીનગર | સભ્યશ્રી | ગેરહાજર |
| ડાયરેકટર ઓફ હેલ્થ એન્ડ મેડિકલ સર્વિસ એન્ડ મેડિકલ એજ્યુકેશન<br>ગુજરાત રાજ્ય, ગાંધીનગર | સભ્યશ્રી | ગેરહાજર |
| ડૉ. એમ.જી.ઠક્કર<br>ડીનશ્રી, વિજ્ઞાન વિદ્યાશાખા, કે.એસ.કે.વી. કચ્છ યુનિવર્સિટી, ભૂજ. | સભ્યશ્રી | હાજર |
| ડૉ.કે.એમ.ત્રિવેદી<br>ડીનશ્રી, વિનયન વિદ્યાશાખા, કે.એસ.કે.વી. કચ્છ યુનિવર્સિટી, ભૂજ. | સભ્યશ્રી | હાજર |
| શ્રી હરિસિંગ ધનુભા જાડેજા<br>કોર્ટ સભ્યશ્રી અને નોંધાયેલ સ્નાતક, કે.એસ.કે.વી. કચ્છ યુનિવર્સિટી, ભૂજ. | સભ્યશ્રી | ગેરહાજર |
| ડૉ. એસ.જી.ધર્માણી આચાર્યશ્રી તોલાણી<br>કોલેજ ઓફ આર્ટસ એન્ડ સાયન્સ,આદિપુર,કચ્છ | સભ્યશ્રી | હાજર |
| ડૉ. પી.એન. દવે<br>પ્રોફેસર, રસાયણશાસ્ત્ર ભવન, કે.એસ.કે.વી. કચ્છ યુનિવર્સિટી, ભૂજ. | સભ્યશ્રી | ગેરહાજર |
| ડૉ. એસ.એલ.ભંડારી, રીડર, અર્થ એન્ડ<br>એન્વાયરમેન્ટ સાયન્સ, કે.એસ.કે.વી. કચ્છ યુનિવર્સિટી, ભૂજ. | સભ્યશ્રી | હાજર |
| ડૉ. રાજેન્દ્ર એમ. શાહ<br>માનનીય કુલાધિપતિશ્રીના પ્રતિનિધિ, ગાંધીધામ–કચ્છ | સભ્યશ્રી | હાજર |
| શ્રી નવલસિહ એમ. જાડેજા<br>માનનીય કુલાધિપતિશ્રીના પ્રતિનિધિ, ભૂજ–કચ્છ. | સભ્યશ્રી | હાજર |
| ડૉ. ડી.એમ.બકરાણીયા<br>કાર્યકારી કુલસચિવશ્રી, કે.એસ.કે.વી. કચ્છ યુનિવર્સિટી, ભૂજ. | મેમ્બર સેક્રેટરી | હાજર |

૧. **ગત સભાની મિનિટ્સ નોંધનું વાંચન અને બહાલી :**

( **નોંધ :** ગત તારીખ ૪થી ફેબ્રુ ૨૦૧૬ના રોજ મળેલ સભાની મિનિટ્સ નોંધના વાચનની વિગતે નીચે મુજબ ઠરાવ કરવામાં આવ્યો.)

**ઠરાવ નં ૧: ગત તારીખ ૪થી ફેબ્રુ ૨૦૧૬ના રોજની સભાની મિનિટ્સ નોંધને સર્વાનુમતે બહાલી આપવામાં આવી.**

૨. **વિદ્યાર્થીલક્ષી ફીની રકમમાં વધારો કરવા બાબત :**

યુનિવર્સિટી દ્વારા રેગ્યુલર અભ્યાસક્રમોનાં વિદ્યાર્થીઓ પાસેથી વિદ્યાર્થી દીઠ સ્પોર્ટસ સાંસ્કૃતિક અને ઝોન ફાળા પેઠે ફી વસૂલ કરવામા આવી રહેલ છે. સમયાંતરે વધતાં જતા ખર્ચ સંબંધે હાલે આ એકત્ર થતી રકમમાંથી વ્યવસ્થા ઉભી કરવામા પડતી મુશ્કેલીઓને ધ્યાને લેતાં આ રકમ વધારવી આવશ્યક જણાયેલ છે. હાલે આ રકમ સ્પોર્ટસ ફી રૂ.૧૦/–,સાંસ્કૃતિક ફી રૂ.૧૦/– અને ઝોન ફી રૂ.૦૫/– મળી કુલ રકમ રૂ.૨૫/– વસૂલ કરવામાં આવે તેમાં વધારો કરવા અંગે ચર્ચા વિચારણામાં માનનિય વી.સી.શ્રી એ સ્પોટર્સ અને કલ્ચર એકટીવીટીનો એક જ હેડ રાખવાનું સુચન કર્યુ તેમજ તમામ પ્રકારની ફી બાબતે માળખું નિશ્રિત કરવા બાબતે નીચે પ્રમાણેની સમિતિની રચના કરવામાં આવી અને સદર કામગીરી સતવ્શ્રે પૂર્ણ કરવા નીચે મુજબ ઠરાવ કરવામાં આવ્યો.

**ઠરાવ નં ૨ : સમિતિએ સમયમર્યાદામાં માન. કુલપતિશ્રીને અહેવાલ સુપ્રત કરવો.**

| | | |
|---|---|---|
| ૧. | ડો. એસ.જી. ધર્માણી | (અધ્યક્ષ) |
| ૨. | ડો. કે.એમ.ત્રિવેદી | (સભ્ય) |
| ૩. | ડો.એલ.વી. ફફલ | (સભ્ય) |
| ૪. | ડો. કે. એમ. પંડયા | (સભ્ય) |
| ૫. | ડો. ડી. કે. અધારા | (સભ્ય) |
| ૬. | શ્રી સંદીપ લોદરીયા | (સભ્ય) |
| ૭. | શ્રી અંબીકા સી. | (સભ્ય) |

Krantiguru Shyamji Krishna Verma Kachchh University
BHUJ - Kachchh
370001

૩. **Career Advancement Scheme (CAS) અન્વયે હાથ ધરાયેલ કાર્યવાહીને બહાલ રાખવા બાબત :**

**(નોંધ :** યુનિવર્સિટી કેમ્પસ પર ચાલતા વિવિધ અભ્યાસક્રમો સંબંધે મંજૂર થયેલ મહેકમ પર નિયમિત પગાર ધોરણથી ફરજ બજાવતાં શૈક્ષણિક સ્ટાફ સંબંધે યુ.જી.સી.ની ગાઈડ લાઈન મુજબ **Career Advancement Scheme (CAS)** અન્વયે જે સ્ટાફ **(બિડાણ–૧)** આ સ્કીમ અંતર્ગતની શરતો પૂરી કરેલ હતી તેઓ માટે મળેલ વરણી સમિતિની કાર્યવાહી બાદ લેવામાં આવેલ નિર્ણય અને કાર્યવાહીને બહાલ રાખી સંબંધિત અધ્યાપકોને મળવાપાત્ર લાભો આપવા સંબંધિત કાર્યવાહી હાથ ધરવા અંગે ચર્ચા વિચારણા બાદ નીચે મુજબનો ઠરાવ કરવામાં આવ્યો.

<u>ઠરાવ નં ૩ :</u> **Career Advancement Scheme (CAS) અન્વયે હાથ ધરાયેલ કાર્યવાહીને બહાલ રાખવામાં આવી તેમજ તમામ દર્શાવેલ અધ્યાપકોને લાગુ પડવાપાત્ર તારીખથી અમલ કરવો અને તમામ પ્રકારના મળવાપાત્ર લાભ આપવા અંગેની કાર્યવાહી કરવા અને મળવાપાત્ર લાભ આપવાનું ઠરાવવામાં આવ્યું.**

૪. **ચિકિત્સા વિદ્યાશાખા અન્વયે અનુસ્નાતક અભ્યાસક્રમો સંબંધે વિદ્યાર્થી પ્રવેશ તથા જોડાણ અંગેની કાર્યવાહી હાથ ધરવા બાબત :**

**(નોંધ :** યુનિવર્સિટી સંલગ્ન અને કાયમી સ્વનિર્ભરતાનાં ધોરણે શૈક્ષણિક વર્ષ ૨૦૦૯–૧૦થી એમ.બી.બી.એસ. અભ્યાસક્રમ ચલાવતી સંસ્થા, અદાણી એજ્યુકેશન એન્ડ રીસર્ચ ફાઉન્ડેશન સંચાલિત, ગુજરાત અદાણી ઈન્સ્ટીટ્યુટ ઓફ મેડીકલ સાયન્સીસ, ભુજ–કચ્છ દ્વારા સમયાંતરે વિવિધ ચિકિત્સા વિદ્યાશાખાનાં અનુસ્નાતક અભ્યાસક્રમો શરૂ કરવા માટે રજૂ કરાયેલ જોડાણ અરજીઓ સંબંધે તા. ૦૪/૦૪/૧૬નાં રોજની નોંધ મુજબની પરિસ્થિતિ **(બિડાણ–૨)** અન્વયે હાથ ધરાયેલ કામગીરી બહાલ રાખવા તથા જે વિષયો સંબંધે એમ.સી.આઈ.ન્યુ દિલ્હી તથા હેલ્થ અને ભારત સરકારનાં હેલ્થ એન્ડ ફેમિલિ વેલ્ફેર વિભાગની મંજૂરીઓ મળેલ છે તેવા વિષયો અન્વયે નિયત પધ્ધતિ મુજબ વિદ્યાર્થી પ્રવેશ પ્રક્રિયા નિયત સમયમાં

યોજવા પાત્ર બનતી હોય તે તથા જોડાણ સંબંધિત આગળની કાર્યવાહી હાથ ધરવા અંગે ચર્ચા વિચારણા બાદ નીચે મુજબનો ઠરાવ કરવામાં આવ્યું

Shyamji Krishna Verma Kachchh University BHUJ - Kachchh 370001

નોંધ : ચિકિત્સા વિદ્યાશાખા અન્વયે અનુસ્નાતક અભ્યાસક્રમો સંબંધે વિદ્યાર્થી પ્રવેશ તથા જોડાણ અંગેનીચે પ્રમાણે પ્રક્રિયાઓ અને કાર્યવાહી કરવાનો ઠરાવ કરવામાં આવ્યો.

ઠરાવ નં ૪ /૧ : તા.૪/૪/૨૦૧૬ના રોજની નોંધ (બિડાણ ૨)અન્વયે થયેલ કાર્યવાહીને બહાલ કરવામાં આવી.

ઠરાવ નં ૪ /૨ : અનુસ્નાતક કક્ષાના તમામ અભ્યાસક્રમ અંગે શૈક્ષણીક વર્ષ ૨૦૧૬–૧૭ માટે સ્થળ તપાસ સમિતિ નીમવી અને કાર્યવાહી કરવી.

ઠરાવ નં ૪ /૩ : અનુસ્નાતક કક્ષાના અભ્યાસક્રમમાં શૈક્ષણીક વર્ષ ૨૦૧૬–૧૭ માટે પ્રવેશ પ્રક્રિયાના ભાગ રૂપે પ્રવેશ પરીક્ષા યોજવી.

ઠરાવ નં ૪ /૪ : શૈક્ષણિક વર્ષ ૨૦૧૬–૧૭ના અનુસ્નાતક અભ્યાસક્રમમાં પ્રવેશ બાબતે કોલેજની રજુઆતને ધ્યાનમાં રાખી ઉપલબ્ધ અનુસ્નાતક અભ્યાસક્રમની બેઠકો પૈકી ૫૦% યુનીવર્સિટી દ્વારા જયારે મેનેજમેન્ટની ૫૦% પૈકી ૩૫% મેનેજમેન્ટ અને ૧૫% એન.આર.આઈ. દ્વારા પ્રવેશ પરીક્ષામાં ઉતિર્ણ થયેલ ઉમેદવારો માંથી ભરવાની પ્રક્રિયા હાથ ધરવા મંજુર કરેલ છે.

ઠરાવ નં ૪ /૫ : ૨૦૧૬–૧૭ પછીના વર્ષો માટે જોડાણ તેમજ પ્રવેશ સંબંધી તમામ કાર્યવાહી માટે નીચે પ્રમાણે સમિતિની રચના કરવામાં આવી.

સમિતિ

| | |
|---|---|
| ૧. ડો. સી.બી. જાડેજા | (અધ્યક્ષશ્રી) |
| ૨. ડો. રાજેન્દ્ર શાહ | (સભ્યશ્રી) |
| ૩. ડો. પી. એન. દવે | (સભ્યશ્રી) |

**૫. વિદ્યાર્થીલક્ષી કામગીરી સંબંધિત અરજી પત્રકો વિના મૂલ્યે પૂરા પાડવા બાબત :**

(**નોંધ :** યુનિવર્સિટી દ્વારા વિદ્યાર્થીલક્ષી કામગીરી જેવી કે એલિજીબીલીટી સર્ટીફિકેટ, માઈગ્રેશન, રી–ચેકીગ, રી–એસેસમેન્ટ સંબંધિત અરજી પત્રક માટે નિયત રકમ વસૂલ કરવામાં જે વિદ્યાર્થીઓનું આર્થિક ભારણ ઘટાડવાનાં હેતુને મધ્યે નજર રાખી આ ફી રદ્દ કરવા અંગે ચર્ચા વિચારણા બાદ નીચે પ્રમાણે ઠરાવ કરવામાં આવ્યો.

<u>ઠરાવ નં ૫ : નિર્ણયને સર્વાનુમતે બહાલ કરવાનું ઠરાવવામાં આવ્યું.</u>

**૬. કાયમી સ્વનિર્ભરતાનાં ધરોણે ચાલતા અભ્યાસક્રમનાં જોડાણ બંધ કરવા થયેલ રજૂઆત બાબત :**

યુનિવર્સિટી એકટની કલમ ૩૫થી નિયત થયેલ પ્રક્રિયા બાદ કાયમી સ્વનિર્ભરતાનાં ધોરણે સંલગ્ન અભ્યાસક્રમો ચલવતાં સંચાલક મંડળો તરફથી આ સાથે સામેલ યાદીની (**બિડાણ–૩**) વિગતે સંબંધિત અભ્યાસક્રમ / કોલેજ બંધ કરવા માટે રજૂઆત થયેલ હતી જે સંબંધિત કામગરી હાથ ધરવા અંગે ચર્ચા વિચારણા બાદ નીચે પ્રમાણે ઠરાવવામાં આવ્યું.

ઠરાવ નં ૬ : **માન. કુલપતિશ્રીના અધ્યક્ષ સ્થાને સંલગ્ન અભ્યાસક્રમો ચલવતાં સંચાલક મંડળના સભ્યશ્રીઓને ચર્ચા માટે આમંત્રણ આપવું તેમજ આ સંદર્ભે કરવાની થતી કાર્યવાહી બાબતે માન. કુલપતિશ્રીને સતા આપવામાં આવી.**

**૭. જોડાણની સંબંધિત કામગીરી અન્વયે સંબંધિત સંચાલક મંડળોની ઉદાસીનતા બાબત :**

યુનિવર્સિટી એકટની કલમ ૩૫થી નિયત થયેલ પ્રક્રિયા બાદ કાયમી સ્વનિર્ભરતાનાં ધોરણે સંલગ્ન અભ્યાસક્રમો ચલવતાં સંચાલક મંડળો પૈકી (**બિડાણ–૪**) મુજબની વિગતે સંબંધિત સંચાલક મંડળો તરફથી જોડાણની નિયત શરતોનું પરિપાલન થતું ન હોય, સદર બાબત સમાયાંતરે એકિઝકયૂટીવ કાઉન્સિલ સમક્ષ મૂકવામાં આવેલ હતી તે સંબંધે થયેલ ઠરાવો

Shyamji Krishna Verma Kachchh University BHUJ - Kachchh 370001

મુજબ પાલન કરવા પણ સંચાલક મંડળોને જાણ કરવામાં આવી હોવા છતાં તેઓ તરફથી આજ દિન સુધી કોઈ જ પ્રતિસાદ કે વળતી જવાબી કાર્યવાહી હાથ ધરવામાં આવતી નથી, આમ જોડાણની શરત–૧૭ નો ભંગ થયેલ છે.આ પરિસ્થિતિને ધ્યાને લેતાં સંબીધત અભ્યાસક્રમોનાં જોડાણ ચર્ચા વિચારણા બાદ નીચે મુજબનો ઠરાવવામાં આવ્યું.

**ઠરાવ નં ૭ : જોડાણ સંબંધિત સંસ્થાઓની રૂબરૂ મુલાકાત માટે સ્થળ તપાસ સમિતિની માન.કુલપતિશ્રી દ્વારા રચના કરી સદર સમિતિ દ્વારા સબંધીત સંચાલક મંડળની બાહેંધરી પત્ર મેળવવો તેમજ જાહેરનામા બહાર પાડવાની પ્રક્રિયા પુર્ણ થયા બાદ FD પરત કરવી.**

**૮. સરકારી કોલેજ શરૂ કરવા જોડાણ કાર્યવાહી બાબત :**

ઉચ્ચ શિક્ષણ કમિશ્નરશ્રીની કચેરીનાં પત્ર ક્રમાંક : કગટ૩/ન.કો./ ૨૦૧૬/૨૬૩–૩૧૧ તા.૨૪/૦૨/૧૬ દ્વારા આદિજાતિ અને વિચરતી જાતિનાં જિલ્લાઓમાં કુલ ૧૬ સરકારી ધોરણે નવી કોલેજ ફાળવવામાં આવી છે તે અન્વયે કચ્છ જિલ્લા માટે લખપત તાલુકા માટે પણ કોલેજ ફાળવવામાં આવી છે. જિલ્લા શિક્ષણ અધિકારીશ્રી, કચ્છને પાઠવવામાં આવેલ સદર પત્રક્રમાંકનાં કોઠા નંબર :૭:ની વિગતે શ્રી આર.આર.કોલેજ ઓફ આર્ટસ એન્ડ સાયન્સ,ભુજ ને કોલેજ શરૂ કરવા માટે ફાળવવામાં આવે શરતી જવાદારીનાં ભાગ રૂપે સંબીધત કોલેજનાં પત્ર ક્રમાંક જા.નં.રારલ/નવુ જોડાણ/ ૧૬/૨૧૩ તા. ૪/૪/૧૬થી નવી કોલેજ જોડાણ અરજીપત્રક રજૂ થયેલ હોઈ તે સંબંધિત યોગ્ય જાણ તથા હાથ ધરવા પાત્ર જોડાણ કાર્યવાહી અંગે ચર્ચા વિચારણા બાદ નીચે મુજબનો ઠરાવ કરવામાં આવ્યો.

**ઠરાવ નં ૮ : લખપત તાલુકામાં સરકારી આર્ટસ અને કોમર્સ કોલેજ તેમજ ભુજમાં DIET દ્વારા સંચાલીત સરકારી બી.એડ્. કોલેજ સબંધે જોડાણ પ્રક્રિયા હાથ ધરવી.**

૯. **પરીક્ષાલક્ષી કામગીરી સંબંધિત રજૂઆત બાબત :**

યુનિવર્સિટી પરીક્ષા સંચાલન બાબતે સામે આવતા પ્રશ્નોનાં નિવારણ માટે કાર્યકારી પરીક્ષા નિયામકશ્રી દ્વારા રેફ.નં.પ.વિ./૨૦૧૬/૧૩૯ તા. ૧૨/૪/૧૬ થી કરેલ રજૂઆત (**બિડાણ–૫**) અંગે ચર્ચા વિચારણા બાદ નીચે મુજબનો ઠરાવ કરવામાં આવ્યો.

ઠરાવ નં ૯ /૧: **૭૦ માર્કસની પરીક્ષાના પ્રશ્નપત્રના ઉતરો આપવા માટેની સમયાવધી કલાક ૨:૧૫ મીનીટ જયારે ૧૦૦ માર્કસની પરીક્ષા પ્રશ્નપત્રના ઉતરો આપવામાટેની સમયાવધી કલાક ૩:૦૦ મીનીટ રાખવી.**

ઠરાવ નં ૯ /૨: **પરીક્ષાના પરિણામો બાદ પુનઃ મુલ્યાંકનની અરજી કરનાર ઉમેદવારોને ઉતરવહી જોવા માટે મંજુરી ન આપવી. જયારે પુનઃ મુલ્યાંકનના જવાબો રજીસ્ટર પોસ્ટથી "If not deliver return to University" સુચના સાથે મોકલવા.**

ઠરાવ નં ૯ /૩: **પરીક્ષાની બેઠક વ્યવસ્થા બાબતે ઓછી સંખ્યા ધરાવતી કોલેજોના વિદ્યાર્થીઓને વધુ સંખ્યા ધરાવતી કોલેજોમાં સમાવેશ કરવો. જયારે સુચારુ વ્યવસ્થાના ભાગરૂપે ૧૦ કીમીની ત્રીજયામાં આવતી એકથી વધારે કોલેજોના વિદ્યાર્થીઓને કોઈ એક જ કોલેજમાં પરીક્ષા માટે સમાવવા અને કેન્દ્રીયકૃત બેઠકવ્યવસ્થાનું આયોજન કરવું.**

ઠરાવ નં ૯ /૪: **ચેરમેન પ્રથા અંગે ચેરમેનશ્રી દ્વારા થતી કામગીરીમાં ચોકસાઈ આવે તે મુજબ ચેરમેનશ્રીઓને પરીક્ષા વિભાગ દ્વારા તેમની જવાબદારીથી વાકેફ કરવા.**

ઠરાવ નં ૯ /૫: **મેડીકલ ફેકલ્ટીના મુલ્યાંકન પ્રક્રિયા અંગેના વર્તમાન ધારા ધરોણ મુજબના દરો ચાલુ રાખવા.**

ઠરાવ નં ૯ /૬: **માર્કશીટ વિતરણ માટે પ્રતિ વિદ્યાર્થી ચુકવાતું મહેનતાણું રૂા.૧/– ની પ્રથા રદ કરવી.**



Krantiguru Shyamji Krishna Verma Kachchh University BHUJ - Kachchh 370001

ઠરાવ નં ૯ /૭: પેપર ચકાસણી અંગે ચેરમેનશ્રીના નિમણુંક અને મહેનતાણા અંગે જે તે વિદ્યાશાખાના BOS (Board of Study)ને કામગીરી કરવી અને તે અંગે માન.કુલપતિશ્રી દ્વારા થયેલ નિર્ણય ગ્રાહય રાખવું.

Shyamji Krishna Verma Kachchh University BHUJ - Kachchh 370001

૧૦. **જોડાણ પેનલ્ટીની રકમ નિયત કરવા બાબત :**

**(નોંધ :** અત્રેનાં પરિપત્ર ક્રમાંક :૭૭ તા. ૩૦/૫/૦૭ મુજબ નવા જોડાણ સંબંધે જોડાણ ફી તથા પેનલ્ટીની રકમ નિયત કરવામાં આવેલ છે જેની સમય મર્યાદા જે વર્ષથી કોલેજ શરૂ કરવાપાત્ર હોય તેનાં અગાઉના વર્ષની તા. ૩૧મી ઓગષ્ટ સુધી રૂા.૨૫,૦૦૦ ફી તથા રૂા. ૫૦,૦૦૦ મળી કુલ રકમ ૭૫,૦૦૦/– વસૂલ કરવાપાત્ર બને.

ઉકત વિગતે તા.૦૭/૦૪/૧૬નાં રોજ સ્વ. કાનજી કરશન હાલાઈ એજયુકેશન એન્ડ ચેરીટેબલ ટ્રસ્ટ,કેરા દ્વારા વર્ષ ૨૦૧૬–૧૭થી બી.એસસી.અભ્યાસક્રમ શરૂ કરવા નિયત નમૂનામા જોડાણ અરજી રજૂ કરવામાં આવી છે પરિપત્ર ક્રમાંક :૭૭ :ની સમય માર્યાદા પૂર્ણ થઈ ગયેલ હોય આ અરજી અન્વયે પેનલ્ટીની રકમ નિયત કરવા અંગે ચર્ચા વિચારણા બાદ નીચે મુજબ ઠરાવ કરવામાં આવ્યો.

**ઠરાવ નં ૧૦: સદર બાબત અંગે માન.કુલપતિશ્રી દ્વારા નિર્ણય કરવાની સતા સોપવામાં આવી.**

૧૧. **સરકારી ધોરણે શરૂ થયેલ /થનાર અભ્યાસક્રમો સંબંધે જોડાણ ફી બાબત :**

**(નોંધ :** ઉચ્ચ શિક્ષણ કમિશનરશ્રીની કચેરી,ગાંધીનગરનાં પત્ર ક્રમાંક : કગટ/ ક–૩/ ૧૧–૧૨/૧૮૫૦૮–૨૧/ તા. ૧૮/૦૯/૧૧ **(બિડાણ–૬)** મુજબ દરેક યુનિવર્સિટીઓ દ્વારા જોડાણ સંબંધે જોડાણ ફી તથા પેનલ્ટીની રકમ નિયત કરવામાં આવેલ છે તે અન્વયે સરકારી ધોરણે શરૂ થયેલ / થનાર અભ્યાસક્રમો માટે તે મુજબ ફી તથા નિયત રકમ બાંધી મુદ્દતની થાપણ તરીકે મૂકવા સંબંધે ઉપસ્થિત થતાં વહીવટી પ્રશ્નોનાં નિવારણ માટે સરકારી કોલેજોનાં જોડાણ સંબંધે ફી જતી કરવા

Krantiguru Shyamji Krishna Verma Kachchh University
BHUJ - Kachchh
370001

**૧૪. અધ્યક્ષ સ્થાનેથી જે રજૂ થાય તે...**

૧૪/૧ : ચાર્ટડ એકાઉટન્ટની નિમણુક અને તેમના મહેનતાણા બાબત...

(નોંધ : યુનિવર્સિટીની નાણાકીય બાબતો અર્થે ચાર્ટડ એકાઉટન્ટની નિમણુક અને તેમના મહેનતાણાનો દર નકકી કરવા બાબતે ચર્ચા વિચારણા બાદ નીચે મુજબનો ઠરાવ કરવામાં આવ્યો.)

**ઠરાવ નં ૧૪/૧: યુનિવર્સિટીની નાણાકીય બાબતો અર્થે નાણાકીય વર્ષ ૨૦૧૬–૧૭ માટે માસિક રૂા.૧૬,૦૦૦/ –ના દરે શ્રી જે. એન્ડ એચ. એસોશીએટને કામગીરી સોંપવી જયારે નાણાકીય વર્ષ ૨૦૧૫–૧૬ માટે સદર પાર્ટીને જ પરંતુ માન.કુલપતિશ્રી નકકી કરે તે મહેનતાણાના દરથી કામગીરી સોંપવી.**

૧૪/૨ : લીગલ એડવાઈઝરના મહેનતાણા બાબત...

(નોંધ : યુનિવર્સિટીના જુદા જુદા કામોમાં કાયદાકીય માર્ગદર્શન અર્થે લીગલ એડવાઈઝર તરીકે નિમણુક પામેલ એડવોકટશ્રી ભરતભાઈ ધોળકિયાની સેવાઓ લેવામાં આવે છે તેઓશ્રીને વાર્ષિક રૂા.૧૫,૦૦૦/– મહેનતાણાના દરથી ઓગસ્ટ–૨૦૧૨માં મહેનતાણાનું ચુકવણું થયેલ છે.ત્યારબાદથી આજ દીન સુધીનું મહેનતાણાનું ચુકવણું થયેલ નથી. જે અંગે ચર્ચાને અંતે નીચે મુજબનો ઠરાવ કરવામાં આવ્યો.)

**ઠરાવ નં ૧૪/૨: યુનિવર્સિટીના જુદા જુદા કામોમાં કાયદાકીય માર્ગદર્શન અર્થે લીગલ એડવાઈઝર તરીકે નિમણુક પામેલ એડવોકટશ્રી ભરતભાઈ ધોળકિયાની સેવાઓ લેવામાં આવે છે તેઓશ્રીને વાર્ષિક રૂા.૧૫,૦૦૦/– મહેનતાણાના દરથી ઓગસ્ટ–૨૦૧૨માં મહેનતાણાનું ચુકવણું થયેલ છે.ત્યારબાદથી બાકી રહેલ મહેનતાણાનું ચુકવણું કરવું.**

**એકઝીકયુટીવ કાઉન્સીલના સભ્યશ્રીની રજૂઆત :** અધ્યક્ષીય સ્થાનેથી થયેલ રજુઆત બાદ એકઝીકયુટીવ કાઉન્સીલના સભ્યશ્રી ડો. આર. એમ. શાહ દ્વારા માન.કુલપતિશ્રીના ઉપયોગ માટે નવું વાહન(ટોયોટા ઈનોવા) વસાવવાનો પ્રસ્તાવ મુકાયો.

વિનંતી કરવામાં આવેલ છે સદર બાબત ધ્યાને લઈ જોડાણ સંબંધિત તમામ ફી–પેનલ્ટી અને બાંધી મુદ્દતની થાપણ જતી કરવામાં આવી રહેલ છે તે અંગે નીચે મુજબ ઠરાવ કરવામાં આવ્યો.

**ઠરાવ નં ૧૧: જોડાણ ફી અંગે માન.કુલપતિશ્રી દ્વારા યોગ્ય નિર્ણય કરવાની સતા સોપવામાં આવી.**

**૧૨. યુનિવર્સિટી ખાતે સ્ટાફ કવાર્ટસ, સ્પોર્ટસ સંકુલ અને લેન્ડસ્કેપીંગ એન્ડ બ્યુટીફીકેશનના બાંધકામ અર્થે આવેલ વન ટાઈમ કેચઅપ ગ્રાન્ટના વપરાશ બાબત :**

(નોંધ :ગુજરાત સરકાર અને યુજીસી દ્વારા યુનિવર્સિટી ખાતે સમારકામ અને કવાટર્સ બાંધકામ અર્થે મળેલ વન ટાઈમ કેચઅપ ગ્રાન્ટ અંતર્ગત મળેલ અનુદાનના વપરાશ માટે ફાઈનાન્સ કમિટી, બીડ કમિટી અને બાંધકામ કમિટીની ક્રમશઃ કાર્યવાહીને અંતે પ્રાપ્ત અહેવાલ અંગે વાંચન અને ચર્ચા વિચારણાને અંતે નીચે મુજબનો ઠરાવ કરવામાં આવ્યો.

**ઠરાવ નં ૧૨ઃ સદર બાબત અંગે પુખ્ત ચર્ચા વિચારણાને અંતે સંબંધિત પાર્ટીને લેટર ઓફ એકસેપ્ટન્સ અને વર્કઓર્ડર આપવા.**

**૧૩. પરીક્ષા શુધ્ધી સમિતિની રચના કરવા બાબત :**

(નોંધ : યુનિવર્સિટીની જુદી જેદી વિદ્યાશાખાઓની શૈક્ષણિક વર્ષ ૨૦૧૫–૧૬ દરમ્યાન લેવાયેલ યુનિવર્સિટી કક્ષાની પરીક્ષાઓ દરમ્યાન થયેલ ગેરરીતી અંગેના કીસ્સાઓની કાર્યવાહી માટે પરીક્ષા શુધ્ધી સમિતિની રચના કરવા બાબત નીચે મુજબનો ઠરાવ કરવામાં આવ્યો)

**ઠરાવ નં ૧૩ઃ સદર બાબત અંગે નીચે દર્શાવેલ સમિતિની રચના કરવામાં આવી.**

| | | |
|---|---|---|
| ૧. | ડો. દર્શનાબેન ધોળકિયા | (અધ્યક્ષશ્રી) |
| ૨. | ડો. કે. એમ. ત્રિવેદી | (સભ્યશ્રી) |
| ૩. | ડો. એલ.વી.ફફલ | (સભ્યશ્રી) |
| ૪. | ડો. મેહુલ શાહ | (સભ્યશ્રી) |
| ૫. | ડો. વી. કે. મોદી | (સભ્યશ્રી) |



Krantiguru Shyamji Krishna Verma Kachchh University BHUJ - Kachchh 370001

ઠરાવ ૧૫: એક્ઝીક્યુટીવ કાઉન્સીલના સભ્યશ્રી ડો. આર. એમ. શાહ દ્વારા નવું વાહન(ટોયોટા ઈનોવા) વસાવવાના પ્રસ્તાવને સર્વ સભ્યશ્રીઓએ સ્વીકાર્યો અને નવું વાહન(ટોયોટા ઈનોવા) ખરીદવાની મંજુરી આપી.

અન્ય કોઈ મુદો ઉપસ્થીત ન થતાં, **CAS** મેળવાનાર અધ્યાપકશ્રીઓને અભિનંદન પાઠવવામાં આવ્યા અને અધ્યક્ષશ્રીના આભાર સાથે આ સભા પુર્ણ જાહેર કરવામાં આવી.

ઈ.ચા. કુલસચિવ
ઇ/ચા કુલસચિવ
કે.એસ.કે.વી. કચ્છ યુનિવર્સિટી
ભુજ-કચ્છ.

Krantiguru Shyamji Krishna Verma Kachchh University BHUJ - Kachchh 370001